# ગોબર ગેસનું મહત્વ અને તેની ઉપયોગિતા
# એક દિવસીય ખેડૂત તાલીમ અને નિદર્શન કાર્યક્રમ

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલોજી કોલેજ, ગોધરા ખાતે "એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજિનિયરિંગ બેઝ્ડ ઇન્ટરવેનસનસ" પ્રોજેકટ અંતર્ગત રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ના સંયુકત ઉપક્રમે "ગોબર ગેસનું મહત્વ અને તેની ઉપયોગિતા" વિષય પર તારીખ ૩૦/૦૧/૨૦૨૦ ના રોજ એક દિવસીય ખેડૂત તાલીમ અને નિદર્શન કાર્યક્રમ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા યોજયો. આ કાર્યક્રમમાં માસીતોયણી અને ખૂંટતોયણી ગામમાંથી ૬૦ જેટલા ખેડૂત મહિલાઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. પંકજ ગુપ્તા, ઇન્ચાર્જ આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી (એગ્રીકલ્ચરલ એંન્જીનિયરિંગ), કૃષિ  ઇજનેરી અને ટેક્નોલોજી કોલેજ, ગોધરા, ડૉ. જી. જે. પટેલ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા તેમજ કૃષિ  ઇજનેરી અને ટેક્નોલોજી કોલેજ ના અને દેવગઢબારિયાના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ હાજર રહ્યા.

કોલેજના ઇન્ચાર્જ આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી  ડૉ. પંકજ ગુપ્તા એ તાલીમાર્થીઓને બાયોગેસ ટેક્નોલોજી એ વધતી જતી ઉર્જાને પહોંચી વળવા માટે સૌથી યોગ્ય વિકલ્પ તેમજ ઘરોમાં પ્રકાશ, સિંચાઇ અને નાના ઉધ્યોગો માટે પણ બાયોગેસની ઉપયોગિતા થી માહિતગાર કર્યા. વધુમાં ડૉ. પંકજ ગુપ્તા એ ફાર્મ યાંત્રિકીકરણ નો ખેતીમાં ઉપયોગ કરી ખેડૂત તેની આવક કેવી રીતે વધારી શકે તેની માહિતીપણ આપેલ હતી.  ડૉ. જી. જે. પટેલ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા એ ખેડૂત મહિલાઓને ખેતીમાં બાયોગેસ ના ફાયદાઓ વિષે તથા જુદી જુદી ખેત આડપેદાશોમાંથી બાયોગેસ કેવી રીતે ઉત્પન્ન થાય અને બાયોગેસ સ્લરીનો ખેતરમાં ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે તેમ જણાવેલ હતું.













સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજના ના પી. આઈ. કૃષિ  ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા “ગોબર ગેસ એટલે શું? અને તેની પ્રાધ્યાનતા” અને “જુદા જુદા કચરા/ ખેત આડપેદાશોનો બાયોગેસમાં ઉપયોગ” વિષય પર તેમજ ઈજ. જે. શ્રવણકુમાર, બી. ઇ. એ. એસ. વિભાગ “સૂર્યકુકરનું મહત્વ અને તેની ઉપયોગીતા” વિષય પર વ્યાખ્યાન આપ્યા. તદુપરાંત મહિલા તાલીમાર્થીઓને બોક્સ ટાઇપ સૂર્યકુકર કેવી રીતે કાર્ય કરે છે અને તેની અંદર ઢોકળા તેમજ ભાત બનાવી તેનું સીધું પ્રાયોગિક નિદર્શન તેમજ ટોપ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલાનું પણ સીધું પ્રાયોગિક નિદર્શન કરી બતાવવામાં આવેલ હતું. મહિલા ખેડૂત બહેનોએ સદર તાલીમમાં બતાવેલ બાયોગેસ ની ઉપયોગિતા, બૉક્સ ટાઇપ સૂર્યકુકર તેમજ ટોપ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલા તેમણે કેવી રીતે ઉપયોગી થશે તેના અભિપ્રાય પણ આપેલ હતા.

તાલીમ ના અંતે ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજના ના પી. આઈ. દ્વારા આમંત્રિત મહેમાનો, ખેડૂત બહેનો તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.